ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૩.૭૫ લાખની બ્લેકમેલિંગની ફરિયાદમાં ગુનાની આવકમાંથી મકાન ખરીદ્યાની પોલીસની રજૂઆત

હનીટ્રેપ કેસમાં આરોપીને કાનૂની ઝટકો, પાલેજનું મકાન જપ્તીનો આદેશ યથાવત્

(પ્રતિનિધિ) શિનોર, તા.3

વડોદરા જિલ્લાના શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચકચારી હનીટ્રેપ અને બ્લેકમેલિંગ કેસમાં આરોપી આશિકહુસૈન ઉર્ફે તલાટી સિકંદરખા પઠાણને કરજણની ચોથી અધિક સેશન્સ અદાલતે મોટો ઝટકો આપ્યો છે. ગુનાની કથિત આવકમાંથી પાલેજમાં ખરીદેલા રહેણાંક મકાનની જપ્તીનો શિનોર મેજિસ્ટ્રેટ અદાલતનો આદેશ યથાવત્ રાખી આરોપીની ફોજદારી રિવિઝન અરજી નં.20/2026 ફગાવી દીધી છે. ચોથા અધિક સેશન્સ જજ એમ.બી. કોટકે 30 ઓક્ટોબર, 2026ના રોજ આ ચુકાદો આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, 6 ફેબ્રુઆરી, 2026ના રોજ ફરિયાદી હરેશભાઈ આર. પટેલને મહિલાની મદદથી હનીટ્રેપમાં ફસાવી બ્લેકમેલિંગ કરીને આશરે રૂ.75 લાખ પડાવવાના આક્ષેપસર આઠ વ્યક્તિઓ અને એક અજાણ્યા શખસ સામે શિનોર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

પોલીસ તપાસમાં ફરિયાદીના નાણાંમાંથી રૂ.6.90 લાખ આરોપીના પુત્રના બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું અને આરોપીએ રૂ.13.80 લાખનાં



સોનાનાં ઘરેણાં ખરીદ્યાં હોવાનું બહાર આવ્યું હતું. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના પાલેજની ચંદ્રનગર સોસાયટીમાં રૂ.12.70 લાખનું મકાન ખરીદ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, ફરિયાદી પાસેથી પડાવાયેલી રકમમાંથી આશરે રૂ.25 લાખ આરોપીને મળ્યા હતા.

આ આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 107 હેઠળ મકાન જપ્ત કરવાનો આદેશ કરાયો હતો. આ આદેશ સામે આરોપીએ રિવિઝન અરજી કરી હતી. આરોપીના વકીલ આર.ડી. પટેલે મકાન ઉછીના નાણાં અને ગોલ્ડ લોનથી ખરીદ્યું હોવાની દલીલ કરી હતી. જ્યારે રાજ્ય તરફે અધિક સરકારી વકીલ જે.એમ. કંસારાએ અરજીનો વિરોધ કર્યો હતો.

બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજો તપાસ્યા બાદ અદાલતે જણાવ્યું હતું કે મુખ્ય કેસની ટ્રાયલ પૂર્ણ ન થઈ હોય તો પણ ગુનાની આવકમાંથી મેળવેલી મિલકત કાયદેસર રીતે જપ્ત કરી શકાય છે. આરોપીનો નાણાંના સ્ત્રોત અંગેનો ખુલાસો પણ સંતોષકારક ન જણાતાં જપ્તીનો આદેશ યથાવત્ રાખ્યો હતો. જોકે, મૂળ કેસની ટ્રાયલ બાકી હોવાથી આરોપો અંગે અંતિમ ચુકાદો આવવાનો બાકી છે.

જંગલી પ્રાણીઓ રસ્તા પર આવી ચડવાની ભીતિ

બોડેલી-સુસ્કાલ NH-56 પર ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય, અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતા બોડેલી-સુસ્કાલ નેશનલ હાઈવે નંબર 56 પર અનેક સ્થળોએ રસ્તાની બંને બાજુ જાડી-ઝાંખરા ઊગી નીકળતાં વાહનચાલકો અને સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. હાઈવેની આસપાસ ઊગી નીકળેલી વનસ્પતિના કારણે રસ્તાની બાજુનો વિસ્તાર સ્પષ્ટ દેખાતો ન હોવાથી ખાસ કરીને વળાંકવાળા સ્થળોએ અકસ્માતનો ભય વધી રહ્યો છે.

હાલ દિવાળીના તહેવારોને કારણે હાઈવે પર વાહનોની અવરજવર વધી છે. તેમ છતાં હાઈવેની સાફ-સફાઈ કરવામાં



ન આવતાં લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. જાડી-ઝાંખરામાં છુપાયેલા જંગલી પ્રાણીઓ અચાનક રસ્તા પર આવી ચડે તો ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ પણ વાહનચાલકોમાં સેવાઈ રહી છે.

હાઈવેની નિયમિત સફાઈ અને જાળવણીની જવાબદારી કોની છે અને તહેવારો દરમિયાન પણ સફાઈ કેમ કરવામાં આવી નથી તેવા સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. નેશનલ હાઈવેના જવાબદાર અધિકારીઓની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.

કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોયા વિના તંત્ર દ્વારા તાત્કાલિક જાડી-ઝાંખરાની સફાઈ કરાવવામાં આવે અને હાઈવે પર વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

પીએમ ઈન્ટર્નશીપમાં વડોદરાની ૧૫૬ સહિત રાજ્યમાં ૧૧૩૦ જગ્યાઓ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

ભારત સરકારની પીએમ ઈન્ટર્નશીપ યોજના હેઠળ 18થી 25 વર્ષના યુવાનોને 6થી 9 માસની ઈન્ટર્નશીપ સાથે માસિક રૂ.9,000 સ્ટાઈપેન્ડ મેળવવાની તક છે. તા.2 નવેમ્બર, 2026ના અહેવાલ મુજબ ગુજરાતમાં 1130 વેકન્સી ઉપલબ્ધ છે, જેમાં વડોદરા જિલ્લાની 156 જગ્યાઓનો સમાવેશ થાય છે. ધોરણ 10, 12 પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારો અરજી કરી શકશે. વધુ માહિતી માટે www.pminternship.mca.gov.in પોર્ટલ અથવા તરસાલી આઈટીઆઈ કેમ્પસ સ્થિત મદદનીશ રોજગાર નિયામક કચેરીનો સંપર્ક કરવા મદદનીશ નિયામક અલ્પેશ ચૌહાણે જણાવ્યું છે.

તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

૧૦ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં અરજદારોએ સંબંધિત મામલતદારને પ્રશ્નો મોકલી આપવા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા જિલ્લાના નાગરિકોના પ્રશ્નોનું તાલુકા કક્ષાએ સરળતાથી અને ન્યાયિક રીતે નિરાકરણ લાવવા મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.25 નવેમ્બર, 2026ના રોજ ચોથા બુધવારે સવારે 10:30 કલાકે તાલુકા સ્વાગત લાયઝન અધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંતર્ગત કરજણ તાલુકામાં કલેક્ટર, વડોદરાના અધ્યક્ષસ્થાને, વડોદરા તાલુકામાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અને શિનોર તાલુકામાં પોલીસ અધિક્ષક, વડોદરા ગ્રામ્યના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

સંબંધિત તાલુકાના નાગરિકોએ પોતાના પ્રશ્નો લેખિતમાં તા.10 નવેમ્બર, 2026 સુધીમાં સંબંધિત તાલુકાની મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કચેરીમાં રૂબરૂ રજૂ કરવાના રહેશે. અરજી પર સ્પષ્ટ રીતે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' એવું મથાળું લખવાનું રહેશે. જોકે, સેવાકીય બાબતો, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી અને પેન્શન સંબંધિત અરજીઓનો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં. નિયત સમયમર્યાદામાં એટલે કે 10 નવેમ્બર સુધીમાં મળેલી અરજીઓનો જ 25 નવેમ્બરના કાર્યક્રમમાં સમાવેશ કરાશે.

નવા વસ્ત્રોનું વિતરણ અને ખાદ્યોત્સવ યોજી બાળકોના ચહેરા પર ખુશીની રોનક પાથરી

પાદરામાં 'અપંગના ઓજસ-ગુજરાત' દ્વારા દિવ્યાંગ બાળકો સાથે દિવાળીની સ્નેહસભર ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા.3

તહેવારોની સાચી ઉજવણી જરૂરિયાતમંદો અને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોના જીવનમાં ખુશીઓ વહેંચવામાં છે, તેવા સેવાભાવી અભિગમ સાથે પાદરામાં 'અપંગના ઓજસ-ગુજરાત' સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકો સાથે દિવાળીની સ્નેહસભર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં દિવ્યાંગ અને સ્પેશિયલ બાળકોને નવાં વસ્ત્રોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બાળકો અને તેમના પરિવારજનો માટે વિશેષ ખાદ્યોત્સવનું આયોજન કરાયું હતું.



દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ, આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પુનર્વસન માટે કાર્યરત સંસ્થા દ્વારા પ્રકાશપર્વ દિવાળીની પૂર્વસંધ્યાએ યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં બાળકોને તેમની પસંદગી મુજબ નવાં કપડાંની ખરીદી કરાવી તેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. નવાં વસ્ત્રો મેળવી બાળકોના ચહેરા પર ખુશીની રોનક છવાઈ ગઈ હતી.

વસ્ત્ર વિતરણ બાદ રાત્રિના સમયે બાળકો અને તેમના પરિવારજનો માટે ખાદ્યોત્સવ યોજાયો હતો. જેમાં રાજસ્થાની પાણીપુરી, ભેળ, ગરમાગરમ ઢોકળાં, ચટાકો, પાપડીનો લોટ તેમજ સૌના મનપસંદ ભૂંગળા-બટાકા સહિતની વિવિધ વાનગીઓ પીરસવામાં આવી હતી. બાળકોએ પરિવારજનો સાથે વિવિધ વાનગીઓનો આનંદ માણી દિવાળીની ઉજવણીને યાદગાર બનાવી હતી.

મુજપુરમાં ઘોડાઘાસ કાપવા મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ, બંને પક્ષે ચાર સામે ફરિયાદ

વડીલોપાર્જિત જમીનમાં ઘોડાઘાસ કાપવા મુદ્દે કુટુંબીજનો વચ્ચે વિવાદ વકર્યો

(પ્રતિનિધિ) પાદરા, તા. 3

પાદરા તાલુકાના મુજપુર બાધ્યાપુલ વિસ્તારમાં હરીસિદ્ધિ મંદિર પાસે આવેલી ખેતીની જમીનમાં ઘોડાઘાસ કાપવા બાબતે બે કુટુંબી જૂથો વચ્ચે વિવાદ વકરતાં બોલાચાલી અને મારામારીની ઘટના બની હતી. આ મામલે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતાં પાદરા પોલીસે કુલ આઠ વ્યક્તિઓ સામે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ગત રોજ સવારે રેખાબેન પઢીયાર તેમના કાકી સાસુ મંજુલાબેન સાથે વડીલોપાર્જિત જમીન પૈકી વહેંચણી લેખ મુજબ પોતાના ભાગે આવેલી જૂના બ્લોક નંબર ૧૧૨૪ પૈકી ૧ અને નવા બ્લોક નંબર ૧૨૦૦ની જમીનમાં ઘોડાઘાસ કાપવા ગયાં હતાં. બપોરના સમયે ઘાસ લેવા આવેલા રેખાબેનના પતિ સુરેશભાઈને શૈલેષભાઈએ ખેતરમાં આવવાની ના પાડતાં બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન શૈલેષભાઈએ સાંજે ખેતરમાં આવશો તો હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી હોવાનો રેખાબેને ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. બીજી તરફ રંજનબેન પઢીયારની ફરિયાદ મુજબ, તેમની કબજાવાળી આ જ જમીનમાં રેખાબેન અને મંજુલાબેન ઘાસ કાપવા આવતાં હતાં. બપોરના સમયે તેમના પતિ શૈલેષભાઈએ ખેતરમાં ઘાસ કાપવા અને આવવા બાબતે વાંધો ઉઠાવ્યો હતો.

કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને તૈયારીઓની સમીક્ષા

જનજાતિ ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી માટે છોટાઉદેપુર સજ્જ

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે આગામી 15 નવેમ્બરના રોજ છોટાઉદેપુર ખાતે જનજાતિ ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

કાર્યક્રમના સુચારૂ આયોજન અને વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના વીસી ખંડમાં બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમની પૂર્વતૈયારીઓ, સ્થળ પરની વ્યવસ્થાઓ અને



વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં આદિવાસી સમાજનો ગૌરવશાળી ઈતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરાઓ અને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા અમૂલ્ય યોગદાનને જનજન સુધી પહોંચાડવા વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજવા પર ભાર મૂકાયો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં 11થી 18 નવેમ્બર દરમિયાન જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી થશે. જેમાં 15 નવેમ્બરે છોટાઉદેપુર ખાતે રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઓમકાર શિંદે, પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, ડીસીએફ રૂપક સોલંકી સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાદરા પાટીદાર સમાજના કાર્યકારી પ્રમુખ તરીકે અલ્પેશ પટેલની વરણી

(પ્રતિનિધિ) પાદરા, તા. 3

પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજના કાર્યકારી પ્રમુખ તરીકે સરસવણી ગામના અલ્પેશભાઈ પટેલ (સ્માર્ટ ઈન્સ્યોરન્સ)ની વરણી કરવામાં આવી છે. સમાજના પ્રમુખ હસમુખભાઈ પટેલ (ગોરીયાદ) આગામી કેટલાક સમય માટે વિદેશ પ્રવાસે જવાના હોવાથી સમાજની વહીવટી કામગીરીમાં સાતત્ય જળવાઈ રહે તે હેતુથી અલ્પેશભાઈ પટેલને કાર્યકારી પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે.

હવે પછી તેઓ પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજના કાર્યકારી પ્રમુખ તરીકે સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને વહીવટી જવાબદારીઓ સંભાળશે. તેમની વરણીથી સમાજની કામગીરી વધુ



સુચારૂ રીતે આગળ વધશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

અલ્પેશભાઈ પટેલની કાર્યકારી પ્રમુખ તરીકે વરણી થતાં સમાજના અગ્રણીઓ અને સભ્યોમાં આનંદની લાગણી પ્રસરી છે. સમાજના સભ્યોએ તેમની વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા અને નવી જવાબદારીમાં સફળ કામગીરી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન

આઠ તાલુકામાં 'ખેત બચાવો અભિયાન' હેઠળ પ્રાકૃતિક ખેતીની તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ભારત સરકારના 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિશેષ પહેલ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન હેઠળ ડભોઈ, વડોદરા, સાવલી, કરજણ, પાદરા, શિનોર, ડેસર અને વાઘોડિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો માટે જાગૃતિ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે અને રાસાયણિક ખેતીના વિકલ્પ તરીકે પ્રાકૃતિક ખેતી તરફ વળે તે હેતુથી



આ કાર્યક્રમોમાં નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, તેના ફાયદા અને જમીનની ફળદ્રુપતા જાળવવાના ઉપાયો અંગે જાણકારી આપવામાં આવશે.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ખેતીની જમીનની ગુણવત્તા જાળવવા સાથે પર્યાવરણનું રક્ષણ કરવાનો અને ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડીને તેમની આવકમાં વધારો કરવાનો છે.

વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. આગામી સમયમાં વધુ ખેડૂતો આ અભિયાન સાથે જોડાય અને પ્રાકૃતિક ખેતી દ્વારા આર્થિક રીતે સમૃદ્ધ બને તે દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

કાલોલની ૭૧ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદનું રોટેશન જાહેર

કલેક્ટરના હુકમથી ચૂંટણી ઇચ્છુકોમાં ઉત્સુકતા વધી

(પ્રતિનિધિ) કાલોલ, તા. 3

પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અજય દહિયા દ્વારા કાલોલ તાલુકાની 71 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદના રોટેશન અને અનામત બેઠકોની ફાળવણી અંગે સત્તાવાર હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ગુજરાત ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી (અનામત હોદ્દાની વારાફરતી ફાળવણી) નિયમો-1994 હેઠળ આ ફાળવણી કરવામાં આવી છે.

જાહેર કરાયેલા રોટેશન મુજબ અનુસૂચિત જાતિ (SC) માટે 5, અનુસૂચિત જનજાતિ (ST) માટે 8, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) માટે 18, સામાન્ય મહિલા માટે 18 અને બિનઅનામત સામાન્ય વર્ગ માટે 22 બેઠકો ફાળવવામાં આવી છે. આ ઉપરાંત SCની 3, STની 4 અને SEBCની 8 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓ અને ગુજરાત પંચાયત અધિનિયમ-1993ની જોગવાઈઓ મુજબ આ ફાળવણી કરાઈ છે. હુકમની નકલ તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને તમામ ગ્રામ પંચાયતોના તલાટી-કમ-મંત્રીઓને મોકલી અપાઈ છે. તમામ પંચાયતોના નોટિસ બોર્ડ પર હુકમ પ્રસિદ્ધ કરી તેનો અહેવાલ મોકલવા સૂચના આપવામાં આવી છે. આ જાહેરાતથી ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારોમાં ચર્ચા શરૂ થઈ છે.

રેલવેમાં ઈમરજન્સી સાઈરન વાગતાં તંત્ર દોડતું થયું

દાહોદ નજીક જેકોટ પાસે માલગાડીનો ડબ્બો પાટા પરથી નીચે ઉતર્યો.!

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ નજીક જેકોટ અને મંગલમહુડી રેલવે સ્ટેશન વચ્ચે સોમવારે રાત્રે આશરે ૮ વાગ્યાના અરસામાં દાહોદ તરફ આવી રહેલી માલગાડીનો એક ડબ્બો ડાઉન ટ્રેક પર પાટા પરથી ઉતરી જતાં રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ દાહોદ રેલવે સ્ટેશન પર ઈમરજન્સી સાઈરન વગાડવામાં આવ્યું હતું, જેના પગલે રેલવેની અકસ્માત રાહત ટીમ અને ટેકનિકલ નિષ્ણાતો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેકોટ અને મંગલમહુડી વચ્ચે ડાઉન લાઈન પર પસાર થઈ રહેલી માલગાડીનો એક ડબ્બો



અચાનક પાટા પરથી નીચે ઉતરી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. આ બનાવને પગલે રેલવે વ્યવહાર પર આંશિક અસર જોવા મળી હતી. સુરક્ષાના ભાગરૂપે બંને તરફની કેટલીક ટ્રેનો અને માલગાડીઓને થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી. બીજી તરફ, અપ ટ્રેક પરથી ટ્રેનોને સાવચેતીના ભાગરૂપે ધીમી ગતિએ પસાર કરવામાં આવી હતી, જ્યારે ડાઉન ટ્રેક પરનો રેલવે વ્યવહાર પ્રભાવિત થયો હતો. આ ઘટનાની અસરને પગલે પશ્ચિમ એક્સપ્રેસને લીમખેડા.રેલવે સ્ટેશન ખાતે રોકી રાખવાની ફરજ પડી હતી.! સમાચાર લખાય છે ત્યાં સુધી રેલવે તંત્ર દ્વારા પાટા પરથી ઉતરેલા ડબ્બાને સુરક્ષિત રીતે ખસેડવા તેમજ રેલવે ટ્રેકને ફરી કાર્યરત કરવા માટે મરામત અને રિસ્ટોરેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી. જોકે, માલગાડીનો ડબ્બો કયા કારણોસર પાટા પરથી ઉતર્યો તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. રેલવેના સંબંધિત અધિકારીઓ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ અને પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

દાહોદમાં ૧૨ નવેમ્બર સુધી પાંચથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ

વર્ગવિગ્રહની સ્થિતિ અને કાયદો-વ્યવસ્થાને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટી તંત્રનું જાહેરનામું

(પ્રતિનિધિ) દાહોદ, તા. 3

દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા શાંતિ અને સલામતીનું વાતાવરણ જળવાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એમ. રાવલે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ 37(3) હેઠળ સમગ્ર દાહોદ જિલ્લાની મહેસૂલી હદમાં પ્રતિબંધાત્મક હુકમો ફરમાવવામાં આવ્યા છે.

પોલીસ અધિક્ષકની દરખાસ્ત અને ધાનપુર, લીમડી, લીમખેડા, સુખસર તથા ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અગાઉ સર્જાયેલા વર્ગવિગ્રહના બનાવોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. જે મુજબ સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના પાંચ કે તેથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા, સભા યોજવા અને સરઘસ કાઢવા પર પ્રતિબંધ રહેશે.

જોકે, સરકારી કાર્યક્રમો, ફરજ પરના કર્મચારીઓ, સ્મશાનયાત્રા અને લગ્નપ્રસંગના વરઘોડાને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ જાહેરનામું 29 ઓક્ટોબરથી 12 નવેમ્બર, 2026 સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 223 તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ 135(3) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બાગાયતી ખેડૂતો માટે ત્રણ નવી સહાય યોજનાઓ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન બાગાયત વિભાગ દ્વારા અમલી ત્રણ નવી સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ 2.0 પર તા. ૧૫ નવેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. ખેડૂતોને નજીકના ઈ-ગ્રામ સેન્ટર અથવા ઈન્ટરનેટ મારફતે અરજી કરવાની રહેશે. અરજી વખતે ૭/૧૨, ૮-અ, આધારકાર્ડ અને બેંક ખાતાની વિગતો સાથે રાખવી તથા અરજીની પ્રિન્ટ કાઢવી જરૂરી છે. યોજનાઓમાં બહુસ્તરીય પદ્ધતિથી ફળપાકનું વાવેતર, ફિલ્ડ કવર દ્વારા ગુણવત્તાયુક્ત ઉત્પાદન અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે આદુ-હળદરના પાકને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. વધુ માહિતી માટે તાલુકાના બાગાયત અધિકારી અથવા વડોદરા નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરવો. ઓનલાઈન અરજીઃ ikhedut.gujarat.gov.in.